Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY) SINCE 2019
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

# ગુજરાતના પંચમહાલ જિલ્લાના આદિવાસીઓમાં સ્થળાંતરની પ્રવૃતિઓનો ઈતિહાસ

**Mr. Kanubhai F. Parmar,**
PhD Scholar in History
Gujarat University, Ahmedabad
Navrangpura, Ahmedabad, Gujarat 380009
Email ID: kanubhaiparmar1969@gmail.com

**સારાંશ**

ભારત એક વિશાળ જમીન વિસ્તાર ધરાવતો દેશ છે.તેમાં અનાદિકાળથી અનેક માનવજાતિ વસે છે. વળી ભારતના જંગલ વિસ્તારો અને પહાડી વિસ્તારોમાં તેમજ ખીણ પ્રદેશમાં આદિવાસી પ્રજા વસતી આવી છે.જે પોતાનું જીવન જંગલ પેદાશ ઉપર નિભાવતી હોય છે. જેના પરિણામે તેઓ અનેક આર્થિક મુશ્કેલીઓનો સામનો કરીને પોતાનું જીવન ટકાવી રાખવાનો પ્રયત્ન કરતી આવી છે. પરંતુ વર્તમાન યુગમાં વિકસીત સમાજના સંપર્કમાં આવવાથી આદિવાસીઓ પણ પોતાનું આર્થિક અને સામાજિક જીવન સુધારવા માટે શિક્ષણ અને સરકારી લાભો મેળવતા થયા છે. પરંતુ તેમનો જોઈએ તેટલો આર્થિક વિકાસ થયો નથી. પરિણામે તેઓ પોતાના આર્થિક વિકાસ માટે અન્ય પ્રદેશમાં રોજગારી માટે સ્થળાંતર કરે છે. આમ પંચમહાલના આદિવાસીઓના સ્થળાંતર પ્રવૃત્તિઓનો ઈતિહાસના ભાગ રૂપે કાળના પ્રવાહમાં પ્રત્યેક જાતિઓ પોતાનું આગવું. ભોગોલિક વાતાવરણ અસર કરતુ હોય છે. સ્થળાંતરથી લોકો અન્ય ભાષી કે અન્ય બોલીબોલતા લોકોના સંપર્કમાં આવવાથી ભાષાકીય આંતરક્રિયા થઇ છે. તેમની રહેણીકરણીમાં અને તેમના જીવન દ્રષ્ટિમાં પરિવર્તન જોવા મળે છે તેમ છતાં વધુ આર્થિક લાભ થાય તેવી જાગૃતિની જરૂરી છે. શિક્ષણથી વ્યસનમુક્તિ અંધશ્રદ્ધામાંથી મુક્ત અને સામાજિક જાગૃતિની જરૂર છે. જો ભવિષ્યમાં એવી થઇ શકે તો જરૂર આદિવાસી પ્રજા દુનિયાદારીના પ્રવાહ સાથે ભળી સંવાર્ગી વિકાસ તરફ આગળ વધી શકે . આમ પંચમહાલના આદિવાસીઓની સ્થળાંતર પ્રક્રિયાની સારી અને નબળી અસરો સમાજ સુધી પહોચાડવાની છે.જેથી આદિવાસી સમાજ પોતાના નબળા પાસાને સમજે અને તેમને સુધારવાના પ્રયાસ કરે જેથી વિકાસની પ્રક્રિયા જડપી બને .

E-ISSN No. 2582 – 046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

## પ્રસ્તાવના

પ્રાચીન સમયમાં માનવી જંગલોમાં રહેતો હતો,આદિમાનવ થી લઈને આધુનિક માનવીનું જીવન જંગલોની સાથે જોડાયેલું છે. માનવીના ઘણા સમૂહો આજે પણ જંગલોમાં રહે છે. જેને આધુનિક માનવીએ તેમને આદિવાસી એવું નામ આપ્યું, આદિવાસીઓનું જીવન આજે પણ પ્રાચીન સમયની પરંપરા મુજબ ચાલે છે. તેમના જીવનમાં કઈ થોડુઘણું પરિર્વતન જોવા મળે છે. આઝાદી પછી અનેક સરકારોની સતા રહી રાજકીય પક્ષોએ આદિવાસી ઉત્કર્ષ માટે ઘણી યોજનાઓ આવી પરંતુ આદિવાસી વિસ્તારોનો યોગ્ય ઉત્કર્ષ જોવા મળતો નથી.

આદિવાસી આર્થિક કારણોને લીધે સ્થળાંતર કરતા હતા અને આજે પણ સ્થળાંતર કરે છે. અમદાવાદ તરફ જતી બસોમાં જોઈએ તો એક પ્રકારના મૂસાફરો વર્ષમાં બાર મહિના અને ચોવીસ કલાક જોવા મળે છે. માથા અને ખભા પર થેલા,કમરમાં બાળક અને ગંદા ધોયા વગરનાં કપડા, પગમાં ચપલ વગરનાં નાનાં છોકરાઓનું જૂથ હોય છે. તેમના બાળકો ઠંડીમાં ઠુંઠવાતા અને તાપમાં બળતા આપણી ઈચ્છા ન હોય છતાં આપણું ધ્યાન આકર્ષિત કરે છે, તેમનાં ચેહરા પરના મૂસાફરીનો આનંદ કે ન હોય નવા સ્થળો જોવાનો આનંદ, તેમની મૂસાફરી નથી.આધ્યાત્મિક યાત્રા કે નથી નવી જગ્યા જોવાનો આનંદ આ પ્રવાહ સીજનમાં કામના સ્થળ બાજુ જતા હોય છે. અને તહેવાર પર વતન તરફ પાછા ફરતા હોય છે. દિવાળીનો તહેવાર ગમે તે સ્થળે કરે. પરંતુ હોળી તેમનો પ્રિય તહેવાર હોય જેથી હોળી પરતો અચુક વતનમાં આવે જ. વતનમાં પાછા વળતા તેમના પગમાં ચાલવવાનો ઉમંગ જોવા મળે છે. દાહોદ-ગોધરા આવતી જતી બસોના મુસાફરોને તેમનો અનુભવ હમેંશા થતો હશે. આ એસ.ટી બસોમાં બીડીના ધુમાડા,ખાંસી અને કફ જેવા અવાજોની વચ્ચે લાજ કાઢીને બેઠેલી બે-ચાર બચ્ચોને સંભાળતી સ્ત્રીઓ.તેમના સમૂહમાં ઘણીબધી સંખ્યા હોય છંતા પણ અવાજ એકદમ ઓછો,તેઓ શાંતિથી મુસાફરી કરતા હોય છે.તેઓ બસમાં પોતાની જગ્યા કરી લેતા હોય છે. ભણેલો ગણેલો સમાજ.તેમજ ભદ્રવર્ગનો સામાજ તેમનાથી દૂર રહેવાનું વધારે પસંદ કરે છે. બાજુની સીટ પર તેમનામાંથી કોઈ બેસી ન જાય તે માટે ભગવાનનો આભાર માને છે. આ આદિવાસીઓ ના સ્થળાંતરનું દ્રશ્ય પરંપરાથી જોવા મળે છે.

સ્થળાંતર એક સહજ પ્રક્રિયા છે. વિકાસનો પ્રવેશદ્વાર છે. સ્થળાંતરથી વિકાસનો માર્ગ ખૂલે છે. તે વાત નર્મદ અને ગાંધીજી પણ કહેતા હતા (૧)

ગુજરાતની પૂર્વપટ્ટી એટલે કે પંચમહાલના આદિવાસીઓ ચરોતર,ખેડા,કચ્છ,સૌરાષ્ટ્ર,જોવા મોટા તાલુકાઓ અને જિલ્લામાં સમૃદ્ધ ખેડૂતોની ખેતી કરવા, રસ્તાઓ અને મકાનો બાંધવાની પ્રવૃતિ માટે ઉદ્યોગોમાં રોજગારી માટે સ્થળાંતર કરે છે. તેમનું સ્થળાંતર રાજયની બહાર ઘણું ઓછું હોય છે.

ભારતના વિશાળ વૈવિધ્ય પૂર્ણ,સમાજની તરફ દ્રષ્ટિ કરીએ તો અનેક લોકસમૂદાયોની નજર સામે આ દ્રષ્ય જોવા મળે છે. કહેવાય છે કે સાંસ્કૃતિક,સામાજિક, અનેકતામાં એકતાનું દર્શન થાય છે. આદિવાસી લોકોની જીવન પધ્ધતિ,જીવન દ્રષ્ટિ તેમજ વિભિન્ન સમાજ-વ્યવસ્થા અને સંસ્કૃતિનુ દર્શન થાય છે.(૨)

## ❖ પંચમહાલના આદિવાસીઓનો પરિચય

ગુજરાતમાં વધારે આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લામાં પંચમહાલ મહત્વનો જિલ્લો છે. ગુજરાતમાં આદિવાસી વસ્તીની દ્રષ્ટિએ બીજા ક્રમે છે. પંચમહાલના આદિવાસીઓ પૂર્વપટ્ટીના આદિવાસીઓથી ઓળખાવામાં આવે છે. અહિની આદિવાસી જાતીઓમાં ભીલ, નાયકા, રાઠવા, ધાનકા, પટેલીયા વગેરે પેટા જાતીઓ છે. જેમાં ભીલ જાતી વધારે પ્રમાણમાં છે.(૩)

આ જાતિઓ ભારતમાં પ્રાચીન સમયથી જંગલોમાં રહેતી હતી જેમને ભારતીય સમુદાયમાં આદિવાસીઓથી ઓળખાતી હતી.આ આદિવાસીઓ પ્રાચીન સમયમાં પોતાનું જીવન ટાકાવી રાખવા અથવા કોઈ સત્રુઓના આક્રમણના ભયના કારણે પોતાના રક્ષણ માટે અજ્ઞાન જગ્યાએ સ્થળાંતર કરતા હતા.જેમાં આ આદિવાસી લોકો જંગલ પ્રદેશમાં રહેવા લાગ્યા. જેમાંથી ભણેલી જાતીઓને પોતાના જીવનમાં અલગ-અલગ ધંધા રોજગાર અપનાવ્યો,પરંતુ જંગલ પ્રદેશમાં અનેક અસુવિધાને અભાવે તે લોકો અવિકસિત અને અજ્ઞાની રહયા.જેથી તેમને આદિવાસી પછાત અને ગરીબમાની લેવામાં આવ્યા. આ લોકોના જીવનના ઉદ્ધાર માટે સરકારે કોઈ પણ રસ રૂચિ ન હતી. તેમને પોતાના આર્થિક ઉદ્ધાર માટે બીજી જગ્યા પર ધંધા રોજગારી માટે જવાની આવશ્યકતા ઉભી થઈ.જેમાંથી સ્થળાંતરની સમસ્યા ચભી થઈ. આ માટે અલગ અલગ વિસ્તારમાં આ લોકો પર સંશોધનનો એક વિષય બન્યો.(૪)

## ❖ સ્થળાંતરનો અર્થ અને આદિવાસી સ્થળાંતર

વ્યાપક અર્થમાં સ્થળાંતર એટલે કે વસ્તી એક સ્થળેથી બીજા સ્થળે કાયમી કે હંગામી ધોરણે સામૂહિક કે એકલ-દોકલ સ્તરે થતું પ્રયાણ હોય છે સ્થળાંતરથી વસ્તીના થતાં એવા પ્રયાણમાં કોઈપણ સમાજ કે એક જ તે સમાજ કે સમુદાય છોડીને કે દેશાંતર કરીને રહેનારા લોકોના સમૂહ વસ્તીશાસ્ત્રીય ભાષામાં સ્થળાંતર અંગેના આ પ્રવાહોના સંદર્ભમાં જે લોકો સ્થળાંતર કરીને અન્યત્ર જાય છે તે એમિગ્રેન્ટસ કહેવાય છે. જે લોકો દેશાતર કે સ્થળાંતર કરીને જે તે સમુદાય કે સમાજમાં રહેવા આવે છે તે ઈમ્મિગ્રેન્ટસ કહેવાય છે.(૧)

## ❖ સ્થળાંતર

(૧) (સં) નં.જગ્યાની અદલાબદલી 'રહેઠાણ ફેરવવુ કે બદલવુ તે', જગ્યાની ફેરવણી, સ્થાનફેર, ઠામબદલો.

(૨) નં.બીજી ઠેકાણું,અન્ય સ્થળ.

(૩) નં.હેતુસર : એક પ્રદેશથી બીજા પ્રદેશમાં મોસમ પૂરતા આવી પાછા પોતાને સ્થાને જવું તે ભગવદ્ગો મંડલમાં તેનો અર્થ (સ્થલાંતર) બતાવ્યો છે.(૪)

આમ સ્થળાંતર એટલે વ્યકિત કે સમગ્ર જૂથના વસવાટના સ્થળમાં થતો ફેરફાર,બીજા શબ્દોમાં કહીએ તો લોકોની એક સ્થળેથી બીજા સ્થળે થતી અવરજવર ને સ્થળાંતર તરીકે ઓળખાવી શકાય.દા.ત.વ્યકિત કે વ્યકિતઓનો સમૂહ એક ગામથી બીજા ગામમાં,એક શહેરમાંથી બીજા શહેરમાં,એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં કે એક દેશમાંથી બીજા દેશમાં વસવાટનાં હેતુથી અવરજવર કરે તેને સ્થળાંતર કહી શકાય. લોકોની આવી અવરજવર કે હેરફેર કાયમી સ્વરૂપની પણ જયારે લોકો એક સ્થળેથી પોતાનો વસવાટ છોડીને બીજા સ્થળે વસવાટના હેતુથી જતા હોય એટલે કે સ્થળાંતર વસવાટ,રહેણાંક કે નિવાસસ્થાનનું સ્થળાંતર છે.સ્થળાંતર એ વ્યકિત કે જૂથના વસવાટમાં થતો ફેરફાર સૂચવતી ઘટના છે.

પ્રો.વિદ્યુત જોષી સ્થળાંતરની વ્યાખ્યા આપતા લખે છે તેમ એક કાયમી રહેઠાણમાંથી પર્યાપ્ત સમય માટે ઓછે વધતે અંશે અન્ય રહેઠાણમાં થતાં લોકોના કાયમી સચરણને સ્થળાંતર કહેવાય.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

ઓઝ્બર્ન અને નિમ્કોફ સ્થળાંતર ને ભૌગોલિક ગતિશીલતા કે રહેઠાણ સબંધી ગતિશીલતા તરીકે ઓળખાવે છે.સ્થળાંતરમાં વહીવટી અને સામાજિક સાંસ્કૃતિક હદો ઓળંગાતી હોય છે તેનો અર્થ એ છે કે વ્યકિત કે જૂથ તેના રહેઠાણનું જે સચરણ વ્યકિત,વ્યકિતઓ કે જૂથ પોતાના વતનના ગામ કે વિદેશમાં પ્રમાણમાં લાંબા સમય માટે વસવાટ કરવા જાય તે ઘટનાને સ્થળાંતર કહેવાય.

પંચમહાલના છુટાછવવાયા આદિવાસીઓના એટલે કે પ્રાયોજના વિસ્તારની બહાર વસતા વેર-વિખેર આદિવાસીઓનો સમાવેશ થતો હોવાથી સ્થળાંતર અંગે ખાસ ધ્યાન ખેંચાય છે.પંચમહાલમાંથી ગુજરાતના વિવિધ ગામોમાં થતું સ્થળાંતર જાણવા પ્રયત્નો કર્યા છે.આ અંગેના કારણો પણ જાણવા મળ્યા છે આ માહિતીનું પૃથ્થકરણ કરતા જણાય છેકે ઘણાં કુટુંબો સ્થળાંતર કરીને આવેલા હતા. સ્થળાંતર કરીને આવેલા કુટુંબોમાંથી ઘણાં કુટુંબો વિવિધ જિલ્લાઓમાં આવ્યા હતા.આજે સ્થળાંતર થયેલા કુટુંબો છે તેમાંથી કેટલાક ખેડા જિલ્લામાં,સાબરકાઠાં,બનાસકાઠાં અને પંચમહાલ,સૂરત,ભરૂચ, વડોદરામાં સ્થળાંતર થયેલા જોવા મળ્યા છે.

## ❖ પંચમહાલ જિલ્લાના આદિવાસીઓના સ્થળાંતરના કારણ :-

જિલ્લાવાર સ્થળાંતર કરવા વાળા પરિવારોમાં જોઈએ તો વધારે પરિવારો ખેડા,ભાવનગર અને અન્ય જિલ્લામાં થયેલાં સ્થળાંતરોના પરિવારોના વિવિધ કારણો જોઈએ તો.

### ૧. ઓછી જમીન

ઓછી જમીન હોવાથી કુટુંબના બધા સભ્યોનું ભરણપોષણ શકય ન હોય આછી મજૂરી માટે કે અન્ય ધંધા કરીને પણ પોતાનું જીવન નિર્વાહ કરીશું એ અપેક્ષાએ સ્થળાંતર થયેલાં કુટુંબો હતા.

### ૨. ઓછી આવક

પાતાના વતનમાં સંયુકત કુટુંબમાં રહેતા હતા તેમની આવક બધાના ભરણપોષણ માટે ઓછી હોઈ એવા કુટુંબો.

### ૩. પ્રગતિની ઓછી આશા

પોતાના વતનમાં પ્રગતિની આશા ન લાગવાથી અને તક પણ ઓછી હોઈ જયાં સંદેશાવ્યવહાર ઓછો હોય રોજબરોજની વિવિધ ઘટનાઓથી વંચિત રહેતા હોય કે પોતાને ત્યાં

રહેવાથી પ્રગતિ રૂધાંય છે અને જો અન્ય જિલ્લામાં જાય તો બહોળો અનુભવ થાય. રોજબરોજનું નવું જાણવા મળે તેમાંથી પ્રગતિની તક પ્રાપ્ત થાય આવી અપેક્ષા રાખી સ્થળાંતર કરતા હોય છે.

### ૪. શિક્ષણની સુવિધા ઓછી

પોતાના વતનમાં શિક્ષણની સુવિધા હોય,ઘણીવાર શિક્ષણ માટે દૂર દૂર જવું પડતુ હોય, બાળકો સારૂ શિક્ષણ મેળવી શકે તેવી આશાએ ઘણા કુટુંબો સ્થળાંતર કરતાં હોય છે.

### ૫. કુટુંબમાં કુસંપ

ઘણાં કટુંબોમાં સામાન્ય કારણોસર પણ હંમેશાં ઝઘડા રહેતા હોય છે. સાસુ અને વહુ, નણંદભાભી,દિયરભાભી કે દેરાણી-જેઠાણીના ઝઘડા રહે છે. આથી કંટાળીને કુટુંબ છોડી સ્થળાંતર થયેલા કુટુંબો.

### ૬. સગા-સંબધી

પોતાના સગાં સબંધીઓ શહેરમાં,જિલ્લામાં કે અન્ય મોટા ગામમાં રહેતા હોય,મજૂરી કે અન્ય ધંધામાં સ્થિર થયા હોય, ઓળખાણ પરિચયના કારણે સારી વગ હોય આથી તેવા સબંધીને ત્યાં આવે છે.આ રીતે સંગા - સબંધીઓ દ્વારા સ્થળાંતર થયેલાં કુટુંબો.

### ૭. પ્રગતિ થવાની આશા

પોતાના વતનમાંથી અન્ય સ્થળોએ સ્થળાંતર કરવાથી પોતાના જીવનમાં પ્રગતિ થવાની આશા રાખીને પણ સ્થળાંતર કરેલા કુટુંબો જાણવા મળ્યા હતાં આ અપેક્ષાએ કુટુંબોએ પોતાના વતનમાંથી સ્થળાંતર થયેલાં કુટુંબો.

### ૮.અભ્યાસ માટે

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાંથી ઘણી જગ્યાએ શિક્ષણની સુવિધા ઓછી તેવુ હતું, આથી ભણવા માટે પણ સ્થળાંતર થયેલાં કુટુંબો.

### ૯. ડૂબાણનાં કારણે

સિંચાઈ માટે બનાવેલ ડેમના કારણે ઘણા આદિવાસી કુટુંબોને સ્થળાંતર કરવાની જરૂર પડી હોય અથવા તેના કારણે તેમને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી તેવા કુટુંબો.

## ૧૦. દેવાદાર કુટુંબો

પંચમહાલમાં દેવાદાર કુટુંબોની સૌથી વધુ સંખ્યા છે.આ કુટુંબોએ પોતાના દેવા કયા સાધનોમાંથી મેળવ્યા તેની વિગતો સાધનવાર જોઈએ તો ધિરાણનું સૌથી મોટું સાધન બેંક હતી, બેંક સિવાય કુલ ૫૦ ટકા હતું જયારે સહકારી મંડળીનો હિસ્સો વધારે હતો, આમ આદિવાસીઓની આર્થિક સ્થિતિ જોઈએ તો દેવાવાળી કે ખાધવાળી છે તેથી વિકાસમાં અવરોધ રહેતો.

## ૧૧.આદિવાસીઓના જંગલના હકકો નાબુદ

પંચમહાલની ભોગોલીક પરિસ્થિતિ ના લીધે તેઓ જંગલ ઉપર નભતા અને જંગલમાંથી રોજગારી મળતી.પરંતુ જંગલના કાયદાના કારણે તેમને રોજગારી જેવી કે મહુડા વિણવા,તાડ માંથી તાડી બનાવવી, ટીંબરનાં પાન વિણવા, શિકાર કરવો, પડીયા-પતરાળા બનાવવા,જડીબુટ્ટી લાવવી,લાકડા કાપીને વેચવા વગેરે મળતી રોજગારી બંધ થઈ જેના લીધે સ્થળાંતર કરવાની જરૂરીયાત ચભી થઈ.

## ૧૨. કુદરતી આફતો

પંચમહાલના આદિવાસીઓને સ્થળાંતર કરવા માટે મહત્વનું કારણ જોઈએ તો કુદરતી આફતો આદિવાસીઓની જમીન ઓછી હતી ખેતીનો પાક એક વાર લેવામાં આવતો,તેમાં ઘણીવાર કુદરતી આફત જંગલી જાનવરોના ત્રાસના કારણે વધારે ઉત્પાદન લઈ શકતા ન હતા આવી આર્થિક પરિસ્થિતિના લીધે સ્થળાંતર કરવુ પડતું.

### ૧૩.આદિવાસી મહિલા પશુપાલન યોજના ( સરકારી યોજનાની જાણકારીનો અભાવ )

આદિવાસીઓની બીજી આવક પશુપાલન ન હતી,આદિવાસી વિકાસ વિભાગ દ્વારા આદિવાસીઓની આવક વધે અને પગ પર ઉભા રહે તે માટે સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અમલમાં મૂકયો.પરંતું આદિવાસી લોકોને આ યોજનાની જાણકારી ન હતી જેથી તેઓ લાભ લઈ શકતા ન હતા. જેથી તેમની આર્થિક સ્થિતિ સારી ન હતી. તે માટે સ્થળાંતર કરવુ પડતું હતું. (૪)

## ૧૪. અન્ય

ઉપરોકત કારણો સિવાય અન્ય કોઈ પરિસ્થિતિ ના લીધે સ્થળાંતર કરવું પડતું હતું

## ❖ સ્થળાંતર પ્રવૃતિની અસર

પંચમહાલ જિલ્લાના આદિવાસી લોકો ધંધો અર્થે સ્થળાંતર કરવાથી અન્ય સાંસ્કૃતિક જૂથોનાં સંપર્કમાં આવે છે. અને તેઓ વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન થાય છે. આથી સ્થળાંતર સાંસ્કૃતિક વિવિધતામાં એકતા સર્જક બળ બની રહે છે. સ્થળાંતરથી લોકો અન્ય ભાષી કે અન્ય બોલી બોલતા લોકોના સંપર્કમાં આવવાથી ભાષાકીય આંતરક્રિયા થાય છે. ખાસ કરીને આંતરરાજય સ્થળાંતરથી લોકો પોતાની માતૃભાષા ઉપરાંત અન્ય ભાષાઓથી પરિચિત થાય છે તેઓ ગુજરાતી,હિન્દી અને અન્ય ભાષી વિસ્તારમાં સ્થળાંતર કર્યું હોય તે ભાષામાં પણ આંતર સંબંધો સ્થાપિત કરી શકે છે. માટે સ્થળાંતરથી આદિવાસી લોકોના ખોરાક,પોશાક,આચાર- વિચાર,માન્યતાઓ, ધોરણો, મૂલ્યો, કળા, સંગીત-નૃત્ય વગેરે સાંસ્કૃતિક તત્વોનું મિશ્રણ થવા પામે છે. આથી વૈવિધ્યની વચ્ચે સાંસ્કૃતિક એકતા સર્જાય છે. સ્થળાંતરિત આદિવાસીઓ અન્ય સંસ્કૃતિના તત્વો જાળવી રાખે છે. બાહ્ય સંસ્કૃતિ સાથેના સંપર્કથી પોતાની સાંસ્કૃતિક અસ્મિતા જાળવી રાખે છે.

પંચમહાલના આદિવાસીઓ અન્ય જિલ્લામાં ખેતી, તેમજ છૂટક મજૂરી, રસ્તાઓની કામગીરી, અન્ય રોજગારી કરતા થાય છે.અને તેનાથી તેમની આવકમાં વધારો થયો.

આદિવાસીઓના સ્થળાંતર કરવાથી તેમના જીવનમાં બદલાવ જોવા મળે છે.તે સારી બાબત છે. તેના વગર પ્રગતિ શકય નથી, સમયની સાથે જીવન બદલાય તેમની રીત અને દ્રષ્ટિ પણ બદલાય.પરંતું ધર્મ અને જીવન તો એક બીજાના અવિભાજ્ય અંગ છે. ધર્મ વગર જીવન અને જીવન વગર ધર્મની કલ્પના પણ ના થઈ શકે.તેવીજ રીતે જીવનમાં પરિર્વતન આવે છે ત્યારે ત્યારે ધર્મમાં પણ થોડુ ઘણુ પરિવર્તન આવે છે. તેવી રીતે પંચમહાલના આદિવાસીઓ હવે વિવિધ સંપ્રદાય અને અન્ય પંથોમાં જોડાયા અને તેમનામાં ઘણું પરિવર્તન જોવા મળે છે.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

# સંદર્ભ સૂચિ

1. આદિલોક,માર્ચ - એપ્રિલ ૨૦૧૦
2. ઠાકર મીનાક્ષી,આદિવાસી વિકાસ અને વન, યુનિ ગ્રંથ,અમદાવાદ. પ્રથમ આવૃતિ ,૨૦૦૪
3. અરૂણ વાઘેલા, પંચમહાલના આદિવાસીઓની વિકાસયાત્રા, પ્રથમ આવૃતિ ૨૦૦૯.
4. Enthoven.R.E, The Tribels and castes of Bombay vol.1(Re-Print) Delhi.1997
5. દોશી હરિશ, નગર સમાજશાસ્ત્ર,યુનિ ગ્રંથ, અમદાવાદ પ્રથમ આવૃતિ ૧૯૯૮
6. ભગવત સિહજી, ભગવદ્ગો મંડળ ભાગ-૯, પ્રકાશ પ્રવીણ,પ્રથમ આવૃતિ ૧૯૪૮ પ્રથમ પુન મુદ્રણ- ૧૯૮૬,દ્વિતિય મુદ્રણ-૨૦૦૭
7. આદિવાસી વિકાસ ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, બિરસા મૂંડા ભવન, સેકટર ૧૦ એ ગાંધીનગર
8. શાહ પ્રો.એ.જી.દવે, પ્રો જે.કે, આદિવાસી સમાજનું સમાજશાસ્ત્ર, પ્રથમ આવૃતિ ૨૦૦૪
9. મુસ્તાલી મનવી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાતના આદિવાસીઓની અર્થવ્યવસ્થા .